ભરૂચ

હાંસોટ

તાપીમાં મેઘમહેર: ઉકાઈમાં 1.2 ઈંચ

જિલ્લામાં છૂટાછવાયાં વરસાદનાં ઝાપટાં પડતાં ડાંગર સહિતના પાકોને રાહત

વ્યારા: તાપી જિલ્લામાં ગતરોજ વ્યારા સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદી માહોલ જોવા મળ્યો હતો. દરમિયાન જિલ્લામાં સવારે 8 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધીના 8 કલાકમાં ત્રણ તાલુકા નોંધપાત્ર વરસાદ પડ્યો હતો, જેમાં ઉકાઈ તાલુકામાં 1.2 ઈંચ, વાલોડમાં 0.8 ઈંચ તથા સોનગઢ તાલુકામાં અડધો ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં છૂટાછવાયાં વરસાદનાં ઝાપટાં પડતાં ચોમાસુ ડાંગર સહિતના પાકોને રાહત મળી હતી.

ભરૂચમાં 12 કલાકમાં સાર્વત્રિક વરસાદ, નેત્રંગ તાલુકામાં 23 મીમી પાણી પડ્યું

ભરૂચ: ભાદરવા મહિનો અને શ્રીજીના આગમન વખતે મેઘરાજાએ મહેર કરતાં સૌને હાશકારો થયો છે. શુક્રવારે વહેલી સવારથી માત્ર 12 કલાક દરમિયાન ભરૂચ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ ખાબક્યો હતો, જેનાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. હવામાન ખાતાના આંકડા મુજબ 12 કલાકમાં સૌથી વધુ વરસાદ નેત્રંગમાં 23 મીમી, અંકલેશ્વરમાં 12 મીમી અને જંબુસરમાં 9 મીમી નોંધાયો હતો.

આ ઉપરાંત આમોદમાં 4 મીમી, વાગરામાં 15 મીમી, ભરૂચમાં 8 મીમી, ઝઘડિયામાં 5 મીમી, હાંસોટમાં 13 મીમી અને વાલિયામાં 6 મીમી વરસાદ ખાબક્યો હતો. હાંસોટમાં વરસાદી માહોલ સાથે સાહોલ-ઇલાવ રોડ પર એક ઘટાદાર વૃક્ષ ધરાશાયી થયું હતું. જેના કારણે રોડ પર વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો અને વીજ પોલ તૂટતા વીજ સપ્લાય પણ ખોરવાઈ ગયો હતો. ભરૂચ જિલ્લા માટે હવામાન ખાતાએ એલર્ટ જાહેર કરતાં વહીવટી તંત્ર હરકતમાં આવી ગયું છે. જિલ્લામાં વાદળછાયું વાતાવરણ સાથે ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે ખુશનુમાનો માહોલ સર્જાયો છે.

માંડવીમાં મેઘરાજાની ધમાકેદાર ઇનિંગ: બજાર વિસ્તારમાં પાણી ભરાયા

માંડવી: માંડવી શહેર સહિત સમગ્ર પંથકમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. શુક્રવારે વહેલી સવારથી જ આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાયાં હતાં અને ત્યારબાદ ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો હતો. સારા વરસાદને પગલે સમગ્ર વિસ્તારના વાતાવરણમાં એકાએક ઠંડક પ્રસરી જતાં નગરજનોને અસહ્ય બફારા અને ગરમીમાંથી મોટી રાહત મળી છે. વરસાદના કારણે માંડવીના મુખ્ય માર્ગો, બજારો અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી વહેતા થયા હતા. મેઘરાજાની મહેરબાની થતાં સુકાઈ રહેલા ઊભા પાકને નવજીવન મળ્યું છે. વરસાદની સાથે જ ઠંડા પવનો ફૂંકાતાં સમગ્ર પંથકમાં શીતળતા વ્યાપી ગઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં પણ પંથકમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે.

હિતેશ પટેલ

આમોદના અનોરમાં બે બાઈક અથડાતાં યુવાનનું મોત

આમોદ: આમોદના અનોર ગામે ગત રોજ બપોરે બે બાઈક સામસામે અથડાતાં કુરચણના યુવાનનું મોત નીપજ્યું હતું. જ્યારે અનોરના બાઈક ચાલકને ગંભીર ઈજા થતાં સારવાર માટે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાને પગલે આમોદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આમોદના અનોરમાં રહેતા મંગળભાઈ કાલિદાસ સોલંકી બાઈક લઈને વાગરા નોકરી અર્થે જઈ રહ્યા હતા. દરમિયાન તણછાથી અનોર તરફ આવી રહેલા કુરચણના બળદેવભાઈ નાગજીભાઈ ચૌહાણની બાઈક અનોરના વળાંક પાસે સામેથી આવી રહી હતી. ત્યારે બળદેવભાઈએ યોગ્ય રીતે વળાંક ન લેતાં બાઈક રોંગ સાઈડ તરફ બેફિકરાઈથી હંકારી સામેથી આવી રહેલી મંગળભાઈની બાઈક સાથે ધડાકાભેર અથડાવી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને બાઈક ચાલકો રસ્તા પર ફંગોળાઈ ગયા હતા. અકસ્માતમાં કુરચણના બળદેવ નાગજી ચૌહાણને ગંભીર ઈજા પહોંચતા તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અનોરના મંગળભાઈને પણ ગંભીર ઈજા થતાં તાત્કાલિક સારવાર માટે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં તેઓ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

સંક્ષિપ્ત સમાચાર

ભરૂચના પાલેજ પાસે પાર્ક કરેલી ટ્રકમાંથી સાત લાખનો દારૂ ઝડપાયો

ભરૂચ: ભરૂચ એલસીબી પેટ્રોલિંગમાં હતી. તે સમયે બાતમી મળી હતી કે, નેશનલ હાઈવે નં.48, પાલેજથી ભરૂચ જવાના રસ્તા પર આવેલો બ્રિજ પૂરો થતાં ડાબી બાજુ બંધ પેટ્રોલ પંપ પાસે એક શંકાસ્પદ ટ્રક પાર્ક કરી છે. આ ચોક્કસ બાતમીના આધારે LCBએ રેઇડ કરી હતી, જેમાં પોલીસે હેમચંદ શ્યામલાલ તોતુરામ કૌશલ (રહે.,ધનુધાર પોસ્ટ, નિરમંડ, જિ.કુલ્લુ, હિમાચલ પ્રદેશ)ને ઝડપી પાડ્યો હતો. તેમજ ત્રણ બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યા હતા. ટ્રકમાંથી ટીન બિયરનાં કુલ બોક્સ નંગ-205માં ટીન બિયર નંગ-4,920, કિં.રૂ.7,08,480, એક મોબાઈલ ફોન, કિં.રૂ.20,000 અને ટાટા એલ.પી.ટી. ટ્રક નં.(HP 93 8530) કિં.રૂ.12 લાખ મળી કુલ રૂ.19,28,480નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પાલેજ પોલીસે પ્રોહિબિશન એક્ટનો ગુનો નોંધી વધુ કાર્યવાહી કરી છે.

માંડવી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ગણેશ વિસર્જન સંપન્ન

માંડવી: માંડવી સ્થિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગણેશોત્સવ નિમિત્તે સ્થાપિત વિઘ્નહર્તાદેવ શ્રીજીની પ્રતિમાનું અત્યંત શ્રદ્ધા, ઉમંગ અને ભક્તિસભર વાતાવરણમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડો.વિનુભાઈ મકવાણા અને ડો.ઈલાબેન પટેલ તથા અધ્યાપકગણ, સમગ્ર સ્ટાફ પરિવાર તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર વિસર્જન યાત્રા અત્યંત શિસ્તબદ્ધ અને ઉત્સાહપૂર્ણ માહોલમાં સંપન્ન થતાં કોલેજમાં ગણેશોત્સવની ભાવપૂર્ણ પૂર્ણાહુતિ થઈ હતી.

હિતેશ પટેલ

કીમમાં 18 વર્ષીય યુવતી મોપેડ લઈ ઘરેથી ગુમ

કીમ: કીમના સિદ્ધેશ્વરી એપાર્ટમેન્ટ, અમૃતનગર ખાતે રહેતી નેન્સીબેન દિવ્યેશકુમાર કોરડીયા (ઉ.વ.18) તા.16 સપ્ટેમ્બરે મધરાતથી તા.17 સપ્ટેમ્બરે વહેલી સવાર દરમિયાન કોઈને કંઈ કહ્યા વગર પોતાની સફેદ રંગની મોપેડ નં.(GJ-05-LM-7569) લઈ ઘરેથી નીકળી ગઈ હતી. બાદ પરિવારજનો અને પરિચિતો દ્વારા વિવિધ સ્થળોએ શોધખોળ કરવા છતાં તેનો પત્તો મળ્યો ન હતો. યુવતી ઈન્ટિરિયર એન્જિ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. કીમ પોલીસે જાણવાજોગ નોંધ કરી યુવતીની શોધખોળ શરૂ કરી છે.

બલેશ્વર પાસે ટ્રક અડફેટે મિલ કામદારનું મોત

પલસાણા: બલેશ્વર ગામની સીમમાં નેશનલ હાઈવે નંબર નં.૪૮ પર ૧૭ સપ્ટેમ્બરે સાંજે માર્ગ અકસ્માત સર્જાયો હતો. લક્ષ્મીનારાયણ મિલમાં મજૂરી કરતા ૪૫ વર્ષીય રાજકુમાર રામસુદન દાસ કામ પતાવી ચાલીને ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન તાતીઝઘડા ક્રટ પાસે પાછળથી પૂરઝડપે આવેલી ટાટા ટ્રક નં.(GJ-21-Y-9522) ના ચાલકે તેમને અડફેટે લીધા હતા. ગંભીર રીતે ઘવાયેલા રાજકુમારભાઈને સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના ૨૨ વર્ષીય પુત્ર રોશન દાસે પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ફરાર ટ્રક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં વરલી મટકાનો જુગાર રમાડતા 8 ઈસમ ઝડપાયા

અંકલેશ્વર: SMCની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે સરગમ કોમ્પ્લેક્સ પાસે વરલી મટકાનો જુગાર રમાડતી વખતે ભારતીબેન વસાવા, મુસ્તાક અહમદ પટેલ, અજય ગોપાલ સોની, સોકતઅલી જાફરઅલી સૈયદ, નિતેશ ચંદુ દેવીપૂજક, જય ભવરસીંગ રાઠોડ, મનસુખ પરમાર અને દિલાવર અકબરશા દીવાનને ઝડપી પાડ્યાં હતાં. SMCની ટીમે સ્થળ પરથી રોકડા રૂ.26,800, રૂ.18,000ના 7 નંગ મોબાઈલ તથા રૂ.50,000ની રિક્ષા મળી કુલ રૂ.94,800નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તમામ આરોપીઓ વિરુદ્ધ અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ દર્જ કરાવી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભરૂચમાં બે બાળકોનાં મોત પ્રકરણમાં કોંગ્રેસે કડક કાર્યવાહીની માંગ કરી

ભરૂચ: ભરૂચ જિલ્લામાં ખુલ્લી ગટર અને ડ્રેનેજ માળખામાં પડી બે માસૂમ બાળકનાં મોત થતાં સમગ્ર વિસ્તારમાં શોક અને રોષની લાગણી ફેલાઈ છે. આમોદના મચ્છાસરા ગામ અને વાલિયાના મોડાલિયા ગામમાં બનેલી આ બે અલગ-અલગ દુ:ખદ ઘટનાઓએ ડ્રેનેજ વ્યવસ્થાની ગંભીર બેદરકારી ઉજાગર કરી છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી સંદીપ માંગરોલાએ આ ઘટનાઓને અત્યંત ગંભીર અને ચિંતાજનક ગણાવી છે. તેમણે જણાવ્યું કે, ખુલ્લી ગટર, અસુરક્ષિત ડ્રેનેજ માળખાં અને યોગ્ય સુરક્ષા વ્યવસ્થાના અભાવે નિર્દોષ બાળકોના જીવ ગયા છે, જે માટે વહીવટી તંત્ર સંપૂર્ણપણે જવાબદાર છે. માંગરોલાએ મૃતક બાળકોના પરિવારજનોને ૧૦ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવા માટે કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે.

આમોદ પંથકમાં ટ્રીપલ અકસ્માત સર્જાયો

ભરૂચ: આમોદ પંથકના માતર ગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર શુક્રવારે વહેલી સવારે ટ્રાવેલ્સ બસ, ટ્રેલર અને ફોર-વ્હીલર વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. બારમેરથી સુરત જઈ રહેલી બસનો આગળનો ભાગ ભૂક્કો થઈ જતાં ડ્રાઈવર સ્ટીયરિંગ અને કેબિનની અંદર ગંભીર રીતે ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ કરજણ ફાયર વિભાગે સ્થળ પર પહોંચી હાઈડ્રોલિક સાધનો વડે પતરાં કાપીને એક કલાકની ભારે જહેમત બાદ ડ્રાઈવરને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. બાદમાં તેમને ૧૦૮ મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. બસના મુસાફરોનો આબાદ બચાવ થતાં મોટી જાનહાનિ ટળી હતી.

'તને હમણાં બહુ મસ્તી ચઢી ગઈ છે' કહી લીંડીયાતમાં યુવાન પર હુમલો

ચૂંટણીની અદાવત રાખી લાકડાના ફટકા વડે માર મરાયો, બે સામે ફરિયાદ

હથોડા: માંગરોળના લીંડીયાત ગામે ચૂંટણીની જૂની અદાવત રાખીને એક યુવક પર લાકડાના ફટકા વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડવાનો અને બચાવવા વચ્ચે પડેલા ગલ્લાના માલિકને પણ ઢીકામુક્કીનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે પોલીસે બે સગા ભાઈઓ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ લીંડીયાત ગામના પરમાર ફળિયામાં રહેતા મીતકુમાર બકુલભાઈ વસાવા (ઉ.વ.25) રાત્રિના સમયે પરિવાર સાથે જમી-પરવારીને ગામમાં આવેલા સંજયભાઈના પાન-બીડીના ગલ્લે બેસવા માટે ગયા હતા. તે સમયે ત્યાં અગાઉથી હાજર ગામના જ વિશાલભાઈ ઉર્ફે દલુ રાજુભાઈ વસાવા તથા તેમનો ભાઈ વિપુલભાઈ રાજુભાઈ વસાવા (બંને રહે., બ્રાહ્મણ ફળિયું, લીંડીયાત) ત્યાં આવી પહોંચ્યા હતા. બંને ભાઈએ ગયા વર્ષની યોજાયેલી ચૂંટણીની મનદુખ અને અદાવત મનમાં રાખી મીતકુમારને કહ્યું હતું કે, તને બહુ મસ્તી ચડી ગઈ છે. આટલું કહી બંનેએ ઉશ્કેરાઈ જઈ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. બાદ વિશાલભાઈએ હાથમાં રહેલા લાકડાના ફટકા વડે મીતકુમાર પર બેફામ હુમલો કરી માર મારવાનું શરૂ કરી દીધું હતું. આ દૃશ્ય જોઈ ગલ્લાના માલિક સંજયભાઈ વચ્ચે પડી મીતકુમારને છોડાવવા જતાં બંને આરોપીઓએ તેમના પર પણ તૂટી પડી ઢીકામુક્કીનો ઢોર માર માર્યો હતો.

આ બનાવને પગલે આસપાસના લોકો દોડી આવતાં મામલો વધુ બિચકતો જોઈ બંને હુમલાખોરો જાનથી મારી નાંખવાની ધમકી આપી ભાગી છૂટ્યા હતા. ઈજાગ્રસ્તને સારવાર અર્થે ખસેડાયા બાદ પોલીસે બંને આરોપી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નબીપુરમાં CBI અધિકારી બની ઠગો શિક્ષકને ઉઠા ભણાવી ગયા

આધાર કાર્ડ સાથે લિંક મોબાઈલ નંબર પર ગેરકાયદે કામ થઈ રહ્યું છે કહી રૂપિયા ખંખેર્યા

ભરૂચ: નબીપુરના રહેવાસીને CBI અધિકારી બની ઠગોએ ધમકી આપી 6 લાખ રૂપિયા પડાવી લેવાની ઘટના સામે આવી છે. આ અંગે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, ભરૂચમાં ફરિયાદ નોંધાઈ છે.

નબીપુરની ગરીબ નવાઝ સોસાયટીમાં રહેતા 54 વર્ષના ઈલ્યાસભાઈ યુસુફભાઈ ઈજાહીમભાઈ પટેલ દયાદરા હાઈસ્કૂલ ખાતે ઇનચાર્જ પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવે છે. ગત તા.11/8/2026ના રોજ સવારે તેમને અજાણ્યા મોબાઈલ નંબર 7969541541 પરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર મહિલાએ પોતાની ઓળખ નેહા અગ્રવાલ તરીકે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)ના અધિકારી તરીકે આપી હતી. તેણે જણાવ્યું કે, તેમના આધાર કાર્ડ સાથે લિંક થયેલા અન્ય મોબાઈલ નંબર 6787413292 પરથી ગેરકાયદે કામ થઈ રહ્યું છે, જેના કારણે તેમની ધરપકડ થઈ શકે છે. બાદમાં વોટ્સએપ મોબાઈલ નંબર 9401185560 પરથી વિડીયો કોલ દ્વારા પોતાની ઓળખ CBI ટીમ લીડર રોહન ગુપ્તા અને દિલ્હી પોલીસના IPS અધિકારી સુનીલકુમાર ગૌતમ તરીકે આપી હતી.

ઠગોએ તેઓને મની લોન્ડરિંગના કેસમાં CBI દ્વારા ધરપકડ કરવામાં આવનાર હોવાની ધમકી આપી હતી. ડરના કારણે ફરિયાદીએ પોતાના સોના પર લોન એકાઉન્ટ નંબરથી રૂ.6,08,000ની ગોલ્ડ લોન લીધી અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સ્ટેશન રોડ શાખા, ભરૂચના સેવિંગ બેંક એકાઉન્ટ નં.34861550791માં જમા કરાવ્યા હતા.

ઠગોએ ઈલેક્ટ્રોનિક સિરિયલ કોડ સાથે મેચ કરી RBI દ્વારા તપાસ કરાવવાના બહાના હેઠળ રૂ.6,00,000 RTGS મારફતે UTR No. SBINR 520260824399816579 થી રાજસ્થાન મરુધરા ગ્રામીણ બેંકના બેંક એકાઉન્ટ નંબર-0000083105912401 (IFSC Code: RMGB0001295) માં ટ્રાન્સફર કરાવ્યા. બાદ ફરિયાદીને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ખોટા સહી-સિક્કા સાથેનો લેટરપેડ વોટ્સએપ મારફતે મોકલી આપ્યો હતો. તેઓને 'I AM SAFE' મેસેજ મોકલવાનું કહેવામાં આવ્યું હતું. જ્યારે તેઓએ નાણાં પરત માંગ્યા ત્યારે ઠગોએ પૈસા પરત ન આપતાં તેમને છેતરપિંડીનો અહેસાસ થયો હતો. આ અંગે તેઓએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નં.1930 પર E-FIR હેઠળ ફરિયાદ કરતાં ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસમાં IT એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

સુરતથી લૂંટનો વોન્ટેડ આરોપી ઝડપાયો

કુકરમુંડા: નિઝર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા લૂંટના ગુનામાં સંડોવાયેલા વોન્ટેડ આરોપીને પોલીસે ગણતરીના દિવસોમાં સુરતથી ઝડપી પાડ્યો છે. વર્ષ-2025માં દાખલ થયેલા લૂંટના ગુનામાં આરોપીઓએ ફરિયાદી પાસેથી બળજબરીપૂર્વક સ્કેનર દ્વારા પૈસા ટ્રાન્સફર કરાવ્યા હતા. નિઝર પોલીસે ટ્રાન્ઝેક્શન IDનું ટેક્નિકલ એનાલિસિસ કરીને આરોપીની ઓળખ મેળવી હતી. પી.આઈ. એમ.ડી.વિકુલપરાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એમ.આઈ.વસાવા તથા ટીમે ખાનગી બાતમીના આધારે સુરતના પાંડેસરા હીરાનગર વિસ્તારમાંથી મૂળ ઉત્તર પ્રદેશના ૨૨ વર્ષીય આરોપી રાહુલ ઘનશ્યામ ગોયેલ (ગુપ્તા)ને દબોચી લીધો હતો.

Milano MULTIPLEX
બારડોલી
Vibe : 10:00am, 07:00pm
Firki-Gujarati : 02:00pm
Chatni-Gujarati : 05:00pm
Resident Evil-2D 11:00am, 09:30pm
Mirzapur : The Movie 01:00pm, 09:00pm
Hanuman Ansh 12:00pm, 03:00pm, 06:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જાહેર નોટીસ

અમો એડવોકેટ મનિષકુમાર પી.જોષી અંકલેશ્વરના તે અમારા અસીલ સંદિપ લાભુભાઈ ઝડફીયા હાલ રહે.:- ૧૧૧/૧૧૨, ગુરૂનગર સોસાયટી, વરાછા રોડ, બરોડા પ્રેસ્ટીજ સામે, સુરત સીટી, જી.:- સુરતના ઓની સુચના અને ફરમાઈશ અન્વયે આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,...

ડી.ભરૂચ, સબ ડી.તા.:- હાંસોટના મોજે ગામ ઓભાની સીમમાં નીચે મુજબની જુ.શ.ની ખેતીની જમીન આવેલ છે.

ખાતા નંબર	બ્લોક/સર્વે નં.	ક્ષેત્રફળ હે.આ.ચો.મી	આકાર રૂા.પૈસા.
૨૯૪	નવો નં.:-૫૫૬ જેનો જુનો નં.:-૧૨૫૫	૦-૦૩-૦૫	૦.૪૫

ઉપરોકત ખેતીની જમીન (૧) ડાહી પરભુ (૨) નર્મદા પરભુ (૩) દલસુખ પરભુ (૪) સુકાભાઈ પરભુભાઈ ઉર્ફે પુંજયાભાઈ (૫) રેવાબેન પરભુભાઈ ઉર્ફે પુંજયાભાઈ (૬) હંસાબેન પરભુભાઈ ઉર્ફે પુંજયાભાઈ (૭) મણીબેન પરભુભાઈ ઉર્ફે પુંજયાભાઈ (૮) ડાહીબેન રામસંગભાઈ (૯) ચેતનાબેન રામસંગભાઈ (૧૦) મેહુલકુમાર રામસંગભાઈ (૧૧) ભાવિનકુમાર રામસંગભાઈ (૧૨) દેવિલાબેન સોમાભાઈ પટેલ (૧૩) રીનાબેન સોમાભાઈ પટેલ અને (૧૪) કિશનકુમાર સોમાભાઈ પટેલના સંયુકત માલિકી કબજા ભોગવટાની આવેલ છે. જે જમીન અમારા અસીલ જમીન માલિકો પાસેથી ખરીદ કરનાર હોવાથી, સદર નોટીસથી જણાવવામાં આવે છે કે, સદર જમીન ઉપર જમીન માલિકો સિવાય અન્ય કોઈપણ વ્યકિત, મંડળીઓ કે સંસ્થા કે કોઈના કોઈ પણ પ્રકારના લાગ, ભાગ, હક્ક, હીસ્સો, હીત સંબંધ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તે અંગેના પુરાવા સાથેની લેખિત જાણ અમોને અથવા અમારા અસીલને કરવી. સદર મુદતમાં તે અંગેની જાણ કરવામાં નહી આવે તો કોઈના પણ સદર જમીનમાં કોઈ પણ પ્રકારના લાગ, ભાગ, હક્ક, હીસ્સો, હીત સંબંધ વિગેરે નથી, તેમ માની અથવા તેવા તમામ હક્કો સ્વૈચ્છીક રીતે છોડી દીધેલ છે તેમ માની અમારા અસીલ સદર જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. અને ત્યારબાદ કોઈ પણ પ્રકારની તર તકરાર ચાલશે નહી. જેની ખાસ નોંધ લેશો.

મારી મારફતે મનિષકુમાર પી. જોષી (એડવોકેટ અને નોટરી)
૪૦, અમરદિપ સોસાયટી, જી.ઈ.બી. ઓફિસ પાસે, ઓ.એન.જી.સી. ઓવરબ્રીજ નીચે, મુ.પો.:-અંકલેશ્વર, તા.:-અંકલેશ્વર, જી.:-ભરૂચ-૩૯૩૦૦૧ મો.નં.:-૯૨૬૫૬ ૫૬૭૩૦

વિશાખા પટેલ, કોરી ફળિયા, અબ્રામા, કામરેજ

સંદીપ મૈસુરીયા, મહાલક્ષ્મી દર્શન, ટુકવાડા, પારડી, વલસાડ

જય પ્રજાપતિ, શિવ શક્તિ યુવક મંડળ, શનિપાર્ક સોસાયટી, તરસાડી, કોસંબા

ઉમેદ પટેલ, જય બજરંગ બલી યુવક મંડળ, મંદિર ફળિયું, ડભારી

સ્નેહલતાબેન ચૌધરી, નડગખાદી, ડાંગ

કિયારા મિયાણી, મિલન સોસાયટી, GNFC ઝાડેશ્વર રોડ, ભરૂચ

ડો.રાજન દલાલ, બીલીમોરા

વંદન નીરવકુમાર મોદી, કઠોર

ક્રિયાંશ પટેલ, પ્રતીક ગીતાનગર-1, કીમ